# અક્રમ યુથ

માર્ચ ૨૦૨૨ ગુજરાતી    દાદા ભગવાન પરિવાર    ₹ 20



## ટીમવર્ક

મોટા કાર્યક્રમોના આયોજન સફળતાપૂર્વક પાર પાડવા હોય આ બધાની પાછળ એક બહુ મોટું પરિબળ કામ કરતું હોય તો તે છે ટીમવર્ક.

# અનુક્રમણિકા


૦૪ પાંચ જણ જો સંપીને નિર્ણય લે તો...

૦૬ જ્ઞાની વિથ યુથ

૦૮ નાનો પણ રાઈનો દાણો

૧૦ ટીમવર્ક ક્યાં નથી ?

૧૨ ટીમમાં સંપીને કામ કરવાની માસ્ટર કીઝ

૧૩ અટક્યું ત્યાંથી વધારો

૧૫ બગડ્યું ત્યાંથી સુધારો

૧૬ ફિલ ઈન ધ બ્લેન્ક

૧૮ બુદ્ધિને કામકાજના સોલ્યુશનમાં વાપરો...

૨૧ ગ્લોબલ ટીમવર્ક

૨૨ કુદરતમાં ટીમવર્ક

૨૩ #કવિતા



વર્ષ: ૯, અંક : ૧૧
સળંગ અંક : ૧૦૭
માર્ચ ૨૦૨૨



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page


## Subscription

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.


© 2022, Dada Bhagwan Foundation.
All Rights Reserved

# સંપાદકીય



વ્હાલા મિત્રો,

ક્રિકેટ, ફુટબોલ જેવી રમતમાં જીતવું હોય કે વિશાળ પ્રોજેક્ટસ સમયસર પુરા કરવા હોય કે પછી મોટા કાર્યક્રમોના આયોજન સફળતાપૂર્વક પાર પાડવા હોય આ બધાની પાછળ એક બહુ મોટું પરિબળ કામ કરતું હોય તો તે છે ટીમવર્ક. મને ખાત્રી છે કે તમે ટીમવર્ક વિષે અવાર-નવાર સાંભળ્યું હશે જ. સાદી ભાષામાં કહીયે તો ટીમવર્ક એટલે જુદી-જુદી કુશળતા, ક્ષમતા અને અનુભવ ધરાવતી વ્યક્તિઓ દ્વારા કોઈ એક કાર્યને સફળ રીતે પૂરો કરવાનો સહિયારો પ્રયાસ.

આમ લાગે છે તો સહેલું છતાં વાસ્તવમાં જયારે ટીમમાં કામ કરવાનો સમય આવ્યો હોય ત્યારે આપણી પાસે મેનેજમેન્ટના આ વિશિષ્ટ સાધનનો અસરકારક ઉપયોગ કઈ રીતે કરવો તે સંબંધીની વિગતો ન હોવાથી ધાર્યું પરિણામ ન મેળવી શકાયું હોય એવો અનુભવ તો ક્યારેક તમને થયો હશે, ખરુંને ? પણ આ અંક વાંચ્યા પછી તમને એવી મુશ્કેલી નહીં પડે કારણ કે આપણા સહુના પ્રિય એવા અક્રમ યુથના આ અંકમાં આપણે ટીમવર્ક જેવા મેનેજમેન્ટના ખુબ જ અગત્યના અને કારગર સાધનની જ વાત કરવા જઈ રહ્યા છીએ, પણ થોડી અલગ રીતે. યસ, કોન્સેપ્ટ આધુનિક મેનેજમેન્ટનો અને મૌલિક સમજણ જ્ઞાનીની. આ આગવી સમજણ તમને ન ફક્ત એક સારા ટીમ મેમ્બર પરંતુ એક સફળ ટીમ લીડર બનવામાં પણ ઉપયોગી નીવડશે એવો મને વિશ્વાસ છે.

- ડિમ્પલભાઈ મહેતા



# પાંચ જણ જો સંપીને નિર્ણય લે તો...

કિંજલ, અન્વી, રોનક અને વિરલ ચારેય ગુમસુમ બેઠા હતા. એકબીજા સાથે વાતો કરવાનું તો દૂર, કોઈ એકબીજા સામે જોતું પણ નહતું.

યુથ ડેવલપમેન્ટ સેમિનારનો આજે બીજો દિવસ હતો. સેમિનારના મેઈન સંચાલક અને સ્પીકર મિસ્ટર ઝાલા મોર્નિંગ સેશન માટે હોલમાં આવ્યા.

‘‘ગુડ મોર્નિંગ ઓલ !’’

‘‘ગુડ મોર્નિંગ સર !’’ બધાએ ઉત્સાહથી ઊભા થઈને કહ્યું.

કિંજલ અને અન્વી, બંને એકબીજાને પીઠ બતાવતા હોય એમ ખુરશીમાં બેઠા હતા. રોનક અને વિરલની નજર સતત તેમના ફોન ઉપર હતી. ચારેય જણે સાંભળ્યું-ના સાંભળ્યું કર્યું.

‘‘હું માનું છું કે પ્રોજેક્ટનું કામ જોરશોરથી ચાલી રહ્યું હશે.’’

‘‘યસ સર, ટોટલી. તમે ચોવીસ કલાક આપ્યા હતા. નાઉ વી ઓન્લી હેવ ટેન અવર્સ ટુ કમ્પ્લીટ !’’ એક સ્ટુડન્ટે ઊભા થઈને કહ્યું.

‘‘હમમ... આજે સાંજે શાર્પ સાત વાગ્યે ચોવીસ કલાક પૂરા થાય છે. પછી આપણે પ્રેઝન્ટેશન કરીશું. પણ એક સરપ્રાઈઝ છે !’’

આખા હોલમાં ગણગણાટ ચાલુ થઈ ગયો. હજુ આટલું કામ બાકી છે, ઉપરથી આ સરપ્રાઈઝ શું હશે ? બધાને મૂંઝવણ થવા લાગી.

‘‘ડોન્ટ વરી. પ્રોજેક્ટ તો એ જ કરવાનો છે. પણ આ પ્રોજેક્ટમાં તમારા ટીમ વર્ક, કોન્સેપ્ટ અને પ્રેઝન્ટેશનના પોઈન્ટ્સ મળશે અને સરપ્રાઈઝ એ છે કે આ પોઈન્ટ્સ તમારા સેમેસ્ટરના માર્ક્સમાં પણ એડ થશે !’’

‘‘વાઉ ! હવે મજા આવશે કામ કરવાની !’’

‘‘આ તો કેવું સારું. આમાં સારું કરીએ તો એટલું એક્ઝામમાં ટેન્શન ઓછું.’’

‘‘ઓહ નો, હવે સીરિયસલી લેવું પડશે.’’

બધાનું એક્સાઈટમેન્ટ બમણું થઈ ગયું.

‘‘તો ફ્રેન્ડસ... લેટ્સ ગો બેક ટુ યોર વર્ક. તમે બધા આ કોલેજના સૌથી બ્રાઈટ સ્ટુડન્ટ્સ છો એટલે આઈ એમ સ્યોર કે યુ વિલ ડુ વેલ ! કોઈ પ્રશ્ન હોય તો ડુ આસ્ક ! હું આસપાસ જ

હોઈશ.'' મિસ્ટર ઝાલાએ ઉમેર્યું.

ઝડપથી બધા પોતપોતાની ટીમમાં હોલના ખૂણા પકડી બેસી ગયા અને ઉત્સાહથી કામ ચાલુ કરી દીધું.

અન્વી, કિંજલ, રોનક અને વિરલ ચારે જણ એક જ ટીમમાં હતા.

''હવે શું કરીશું ?'' અન્વીના મોઢે આ સવાલ આવીને અટકી ગયો. પ્રોજેક્ટમાં કામ ન કરીએ તો સેમેસ્ટરના માર્ક ગુમાવવા પડે અને કામ કરીએ તો... ચારે એકબીજાની સામે જોઈ રહ્યા.

''શું દોસ્તો... કેવું ચાલે છે ?'' મિસ્ટર ઝાલાને બધો ખ્યાલ હતો જ છતાંય વાતચીત શરૂ કરવાના આશયથી સવાલ પૂછ્યો.

''સર, અમે ટીમ બદલી શકીએ ?'' સેમેસ્ટરને જોખમમાં નહીં મૂકવા કિંજલને આ ઉપાય સૂઝ્યો.

''નો વે, તમને જે ટીમ આપી છે એમાં જ કામ કરવાનું છે, એ આપણી શરત હતી.'' મિસ્ટર ઝાલા ટસથી મસ ના થયા.

''તો હું આ સેમિનાર ક્વિટ કરું છું.'' રોનક ઊભો થઈને જવા માંડ્યો. મિસ્ટર ઝાલાએ એને અટકાવીને પૂછ્યું.

''થયું છે શું ? કોઈ મને કહેશે ?''

''સર, ઈટ્સ નોટ પોસિબલ કે અમે ચાર સાથે કામ કરી શકીએ.'' વિરલે સ્વીકાર્યું.

''એવું કેમ ?'' મિસ્ટર ઝાલાએ જાણીને અજાણ બનતા પૂછ્યું.

''સર, અમે કાલે બ્રેઈનસ્ટોર્મિંગ માટે બેઠા હતા. મને એકદમ સુપર્બ આઈડીયા આવ્યો છે પણ આ લોકો...'' અન્વીએ વાત શરૂ કરી.

''રહેવા દે સુપર્બ આઈડીયા. સર ઓનલાઈન માર્કેટિંગ તો ત્યારે થાય જ્યારે આપણી પાસે કોઈ પ્રોડક્ટ હોય અને એક ઈનોવેટિવ પ્રોડક્ટનો મારી પાસે આઈડીયા છે. પણ...'' રોનકે અન્વીને કટ કરતા કહ્યું.

''વેલ રોનક, તારા કરતાંય બેટર પ્રોડક્ટનો આઈડીયા મારી પાસે હતો, પણ તું સાંભળે તો ને... '' વિરલે રોષ ઠાલવ્યો.

''રહેવા દો બંને. તમારા બંનેમાં વિરલનો આઈડીયા કદાચ સારો હશે પણ યુનિક નથી અને યુઝફુલ પણ નથી. યાર, એવી પ્રોડક્ટ શું બનાવવી જેનો કોઈ યુઝ ના હોય ? મારું માનો તો...''

કિંજલ પૂરું કરે ત્યાં રોનક ટપક્યો, ''હું સીનિયર છું, તમારે મારું માનવું જોઈએ.''

''ફોર યોર કાઈન્ડ ઈન્ફોર્મેશન. હુંય મારા ક્લાસનો રેન્કર છું.'' વિરલે કોલર ઉંચો કર્યો.

''બોય્ઝ, સક્સેસફૂલ થયા છે એ સીનિયર નહતા ને રેન્કર પણ નહતા. આઈડીયા યુઝફુલ હોવો જોઈએ.''

''જો તમારે તમારો આઈડીયા છોડવો ન હોય તો હું મારી રીતે મારા માર્કેટિંગ આઈડીયા પર એકલા જ કામ કરીશ.''

''જા, જા ... આમેય માર્કેટિંગ ઈઝ નો બિગ ડીલ. એ કામ તો કોઈપણ કરી શકે. હં !'' રોનકના આ શબ્દો સાંભળીને અન્વી રડુ રડુ થઈ ગઈ.

જોતજોતામાં વાત વણસી ગઈ ને બધાના મન કડવા થઈ ગયા. બધા પોતાનો આઈડીયા બીજા કરતાં વધુ સારો છે એ સાબિત કરવા માંડ્યા.

''ઓ.કે. ઓ.કે. એટલે પ્રોબ્લેમ એ છે કે હજુ આઈડિયા જ નક્કી નથી થયો, તો કામ તો ક્યાંથી થાય ?''

**''યસ સર. કાલથી અમે અહીંયા જ સ્ટક છીએ. તમે કહ્યું કે સેમેસ્ટરમાં પણ આ માર્ક્સ ગણાશે તો હવે અમને ટેન્શન છે કે પ્રોજેક્ટ આગળ કરીએ તો કઈ રીતે ?''**

# જ્ઞાની વિથ યુથ



## ટીમવર્ક ઈઝ ધ બેસ્ટ સોલ્યુશન

**પૂજ્યશ્રી : ટીમવર્ક એટલે જ બધા સંજોગો ભેગા મળીને કામ થાય. એમાં જીવતા માણસોય જોઈએ અને સંજોગોય જોઈએ. આ ગાડી હોય એ કેટલા સ્પેર પાર્ટસની બનેલી હોય ? ૩ થી ૪ હજાર સ્પેર પાર્ટસ હોય, નાના મોટા. એમાં કયા પાર્ટની કિંમત વધારે ? મોટા એન્જિનની કિંમત વધારે કે નાના સ્ક્રૂની કિંમત વધારે ?**

**પ્રશ્નકર્તા :** બધાની.

**પૂજ્યશ્રી :** બધાની. એક સ્ક્રૂ પડી ગયું હોયને તો લીકેજ થઈ જાય પેલું રેડીએટર એટલે આખી ગાડી ઊભી રહી જાય ! એટલે ટીમવર્કમાં કોઈ એક સંજોગને મુખ્ય ગણાય અને કોઈને ફાલતુ ગણાય એવું નહીં. બધા મહત્વના છે, બધા એની જગ્યાએ ઈમ્પોર્ટન્ટ છે, બધાએ ભેગા મળીને કામ કરવાનું છે.

હા, આપણો સંજોગ કેવો હોય ? આપણે વન ઓફ ધ એવિડન્સ. કોઈ પણ ડીસિઝન લેવાનું હોય, 'આવી રીતે કરાય' એમ આપણો વન ઓફ ધ એવિડન્સ મૂકો. પછી બધાને અંદરથી શું આવે છે ? બધા ભેગા મળીને કરીએ એટલે બેસ્ટ ડિસિઝન આવે.

**દાદા કહે ને કે પાંચ જણ સંપીને નિર્ણય લે તો તે વ્યવસ્થિતની મંજૂરી પ્રમાણે લેવાયું કહેવાય.** એટલે કાર્ય સારું જ થાય પછી ! એટલે સંપીને, આપણે બધા ભેગા મળીને, બધાના વ્યુ પોઈન્ટને ઈન્વોલ્વ રાખીને. આપણો આગ્રહ ના હોવો જોઈએ કે 'આમ જ થવું જોઈએ, હું કહું એ જ સાચું !' એમ નહિ. 'મારો વ્યુ પોઈન્ટ છે. બધાને શું યોગ્ય લાગે છે ?' બધાને યોગ્ય લાગે એ પ્રમાણે આગળના ડિસિઝન લઈએ એટલે ટીમવર્ક કહેવાય.

**ટીમમાં કોઈ મોટું નહીં, કોઈ છોટું નહીં, બધાનું ફુલ ઇન્વોલ્વમેન્ટ છતાં કોઈ બોસ નહીં ને કોઈ અન્ડરહેન્ડ નહીં.** બધા ઈન્વોલ્વ થઈને પછી યોગ્ય લાગે એવું ડિસિઝન લેવાય.



આ વર્લ્ડમાં બધી બાબતો, એક મશીનના પાર્ટમાંય નાનું સ્ક્રૂ ઈમ્પોર્ટન્ટ. બેરિંગ હોય, મોટર હોય, શાફ્ટ હોય, બધા પાર્ટ્સ ઈમ્પોર્ટન્ટ ખરા, પણ નાના સ્ક્રૂની ઈમ્પોર્ટન્સ ઓછી નથી. એ ના હોય તો કામ બગડી શકે.

આજના યુથે તો આટલું સમજવું જોઈએ કે **કોઈ સંજોગને ડીવેલ્યુ ના કરશો.** આપણું આ અડાલજ બન્યું તો શેરથાના એક બહેને કીધું હતું કે ''નીરુમા, પેલા આ ગાંધીનગર ને બધે શોધ શોધ કરે છે એના બદલે આ બાજુ અડાલજ તરફ આવો ને ! ખાલી જમીનો પડી છે અહીંયા.'' નીરુમાએ કહ્યું કે ''અડાલજ ક્યાં છે ? તપાસ કરો.'' બોલો, નાનો એવિડન્સ પણ કેટલો મહત્વનો બન્યો ! આજે આખી સીમંધર સીટી બની અને હજારો લોકો આ સત્સંગનો, જ્ઞાનનો, ત્રિમંદિરનો લાભ ઉઠાવે છે !

નીરુમા એવિડન્સને જોતા હતા અને વધાવતા હતા. પોતાનો મંતવ્ય, પોતાનું ચલણ, પોતાનો કંટ્રોલ, પોતાનો આગ્રહ ક્યાંય રાખ્યો જ નહતો. બધા શું કહે છે ? એવિડન્સ શું કહે છે ?

**આ રીતે કરવાથી બધાના મનનું સમાધાન થાય, બધાને સંતોષ થાય અને બધાને ઈન્વોલ્વ રાખીને જ્યારે કામ કરીએને તો બેસ્ટ રિઝલ્ટ આવે જ.**

**સમજાયું ને ?**

# નાનો પણ રાઈનો દાણો




પ્રોડક્શન મેનેજર ટેક્નિકલ અને મિકેનિકલ એન્જિનિયરને તાત્કાલિક મીટિંગ માટે બોલાવે છે.



દૂધ ઉત્પાદન એકમ તમામ એન્જિનિયરો મશીનરી
અને સિસ્ટમની ચકાસણી કરી રહ્યા છે.









વાચક મિત્રો, આ અધૂરી વાર્તા તમે પૂરી કરો. આગળ શું થયું હશે ? મશીન ઠીક થયું કે નહીં ? જો થયું તો કેવી રીતે ?

.............................................................................................................................

.............................................................................................................................

.............................................................................................................................

.............................................................................................................................


# ટીમવર્ક ક્યાં નથી ?








એક LED ઓન હોય તો કોઈને દેખાય નહીં. પણ એક-એક કરીને હજારો નાનકડી LED ભેગી થાય તો લોકોની આંખો અંજાઈ જાય એવો પ્રકાશ કરી શકે !





મ્યુઝિક ઓરકેસ્ટ્રામાં હાર્મોનિયમ, તબલા, ઢોલ, ખંજરી, વાંસળી, મંજીરા એવા ઘણા બધા વાજિંત્રો એકસાથે સૂર અને તાલમાં વાગે ત્યારે જઈને મધુર સંગીત ઉત્પન્ન થાય.

આપણા દેહમાં તો નર્યું ટીમવર્ક જ છે. પગથી માંડીને માથા સુધી, આંખો, જીભ, કાન, હાથ બધું આખો દિવસ કોર્ડિનેશનથી કામ કરે છે. ભગવાનની પૂજા આરતી કરતી વખતે જમણો હાથ પૂજન, તિલક વગેરે કરતો હોય અને ડાબો હાથ ખાલી થાળી પકડીને ઉભો જ હોય. પણ ડાબો હાથ ક્યારેય દુઃખી નથી થતો કે મારે ક્યારેય પૂજા નહીં કરવાની ?






કોઈપણ મોટી કંપનીમાં ઘણા બધા ડિપાર્ટમેન્ટ હોય જેમકે પરચેસ, મેન્યુફેક્ચરિંગ, માર્કેટિંગ, સેલ્સ, એકાઉન્ટ, ડિસ્ટ્રિબ્યુટર, રીટેલર વગેરે. દરેક ડિપાર્ટમેન્ટમાં ઘણીબધી ટીમ હોય, ટીમના હેડ હોય, એની નીચે કામ કરતા માણસો હોય. આ બધા ભેગા થઈને કામ કરે ત્યારે પ્રોડક્ટ પબ્લિક સુધી પહોંચે.

# ટીમમાં સંપીને કામ કરવાની
# માસ્ટર કીઝ





# અટક્યું ત્યાંથી વધારો

## (જ્ઞાની આશ્ચર્યની પ્રતિમા)

એક વખત નીરુમા સાથે મહાત્માઓની સાઉથ ઈન્ડિયાની જાત્રા ગોઠવાઈ હતી. નીરુમા અને મહાત્માઓ ઉતારા પર પહોંચી ગયા હતા. પણ કિચનની વેન હજુ આવી નહતી, જેમાં રસોઈનો બધો સામાન, વાસણો બધું હતું. તપાસ કરતા ખબર પડી કે ગાડીને પંક્ચર પડ્યું હતું અને એ રસ્તામાં જ અટકી ગઈ હતી. ગાડીની રાહ જોવાની જ હતી. સમય પસાર કરવા નીરુમાએ મહાત્માઓને ગરબા કરવા કહ્યું.

ઘણો ટાઈમ વીતી ગયા પછી પણ ગાડી આવી નહીં. નીરુમાને સમાચાર મળ્યા કે કિચન વેન સમયસર નહીં જ પહોંચી શકે. એટલે પહેલો વિચાર નીરુમાને એ આવ્યો કે મહાત્માઓને સાંજે જમાડીશુ શું ?

એમણે તરત બે બેનોને બોલાવીને કહ્યું કે કિચન વેન અટકી પડી છે. હવે આપણે જ રસોઈની તૈયારીઓ કરવી પડશે. રસોઈ બનાવવા માટે એક જગ્યા શોધી લો. આજે મહાત્માઓ માટે ખીચડી, કઢી, બટાકાનું શાક બનાવજો.

પછી નીરુમાએ એક આપ્તપુત્રભાઈને બોલાવીને કહ્યું કે ‘તું બજારમાં જઈને દાળ, ચોખા, બટાકા, દહીં, ચણાનો લોટ, મસાલા બધું લઈને આવ. આજુબાજુ કોઈ હોટેલવાળાને પૂછી જો કે એમના વાસણો આપશે ? આપણે એનું ભાડું આપી દઈશું.’ ફટાફટ બધું નક્કી કરીને બે-ચાર બહેનો-ભાઈઓને કામ સોંપી દીધું, એની બીજા મહાત્માઓને જાણ પણ ન થઈ.

આમ જોતજોતામાં વેરાન જગ્યાએ નીરુમાએ ધમધમતું રસોડું ઊભું કરી નાખ્યું ! દોઢ કલાકમાં રસોઈ તૈયાર થઈ ગઈ અને નીરુમાએ બધા મહાત્માઓને પ્રેમથી જમાડ્યા.

ગજબ છે નીરુમાની સૂઝ ! આવી પરિસ્થિતિમાંય કેવું સુંદર સોલ્યુશન લઈ આવ્યા. **‘‘અટક્યું ત્યાંથી વધારો !’’ નો પ્રત્યક્ષ દાખલો જ જોઈ લો.**

# બગડ્યું ત્યાંથી સુધારો



ખરેખર જોઈએ તો બીજા બધા શહેરો કરતા મુંબઈ હંમેશા ચેલેન્જિન્ગ રહ્યું છે. જો કોઈ મોટી ભવ્ય ઈવેન્ટ કરવી હોય તો ગ્રાઉન્ડના ભાડા બહુ એક્સપેન્સિવ હોય અને ગ્રાઉન્ડ નાના-નાના હોય એટલે ઉતારા, ભોજનશાળા, સત્સંગ હોલ બધું અલગ-અલગ ગ્રાઉન્ડમાં રાખવું પડે. સાથે ટ્રાન્સપોર્ટેશન અને મહાત્માઓની સેફ્ટીનો ખ્યાલ પણ રાખવો પડે. મુંબઈમાં જન્મજયંતી સાથે ત્રિમંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા પણ કરવાની હતી. એટલે તૈયારીઓ કરવામાં જ ઘણી બધી ચેલેન્જીસ હતી છતાં મુંબઈના મહાત્માઓ હિંમત નહતા હાર્યા. ગ્રાઉન્ડ રેડી કરેને વરસાદ પડે એટલે ફરીથી બધું સેટ કરવું પડે. એમ કરતા કરતા છેવટે બધું તૈયાર થયું.

**ઈવેન્ટની શરૂઆત સરસ રહી. મને યાદ છે કે ઓપનિંગ સેરેમનીમાં સંસ્કૃતિક કાર્યક્રમ ચાલુ હતો, ત્યાં જ ધોધમાર વરસાદ વરસવાની શરૂઆત થઈ.** સ્ટેજ ઉપર પાણી પડતું હતું. પહેલા તો અમને એમ થયું કે આ કાર્યક્રમમાં કોઈ



**મને યાદ છે કે ઓપનિંગ સેરેમનીમાં સંસ્કૃતિક કાર્યક્રમ ચાલુ હતો, ત્યાંજ ધોધમાર વરસાદ વરસવાની શરૂઆત થઈ.**

સ્પેશિયલ ઈફેક્ટ આપી છે. પછી રીયલાઈઝ થયું કે આ તો ખરેખર વરસાદનું પાણી છે. બધાને થઈ ગયું કે હવે પૂરૂં ! કશું નહીં થાય.

વરસાદ તો બંધ થઈ ગયો પણ ઉતારામાં એટલું બધું પાણી ભરાઈ ગયું હતું કે ત્યાં ફરીથી ઉતારો ઊભો ન કરી શકાય. આપણે ૨-૩ ગ્રાઉન્ડમાં ઉતારા આપેલા, એ હજારો મહાત્માઓને રાતોરાત બીજે શિફ્ટ કરવાના હતા. ઈટ વોસ ઇમ્પોસિબલ. પણ એ દાદાની કૃપા જ હતી કે બધાના ઉતારા મળી ગયા. થાય કેવું કે સવારે ઉતારા માટે જગ્યાઓ શોધવાનું ચાલુ કરે એટલે કોઈ જગ્યા સવારે ૯ વાગે મળે, કોઈ ૧૦ વાગે, કોઈ બપોરે ૩ વાગે અને કોઈ સાંજે ૫ વાગે. લગભગ ૧૫-૨૦ જગ્યાઓ મળી હશે. જેમ-જેમ જગ્યાઓ મળતી જાય તેમ તેમ બસો-પાંચસો-હજાર મહાત્માઓને શીફ્ટ કરતા જાય. આખી રાત મહાત્માઓને સૂવા ન મળ્યું હોય, ખાવાના ઠેકાણા પડે કે ના પડે, કપડાં ભીના હોય, ઉતારા માટે રાહ જોવી પડે, પણ બધાએ તપ કર્યું. આવું જો કોઈ બીજા કાર્યક્રમમાં થયું હોય તો બૂમાબૂમ, મારા-મારી ને હલ્લો થઈ જાય. પણ મહાત્માઓ બધા જ સ્થિરતામાં હતા. કોઈ ફરિયાદ નહીં, કોઈ નેગેટિવ નહીં. બધા



**લોકોને સલામત જગ્યાએ પહોંચાડવા, ગ્રાઉન્ડ ઉપરથી પાણી ઉલેચી ઉલેચીને કોરું કરવું, ફરીથી ડોમ ઉભા કરવા, જેને જે સૂઝ્યું એ કામ હાથમાં લઇ લીધું.**

જ અસીમ જય જયકાર કરતા હતા. એકેએક મહાત્માને એમ હતું કે આપણા દાદાની જન્મજયંતી છે. કોઈપણ હિસાબે આ સંજોગોને પાર કરીશું. જન્મજયંતી થવી જ જોઈએ અને થશે જ !

એ ટાઈમે નાના-મોટા બધા જ મહાત્માઓ અને સંકુલના ભાઈઓ-બહેનોએ દિવસ-રાત કામ કર્યું હતું. ''ઈટ વૉઝ લાઈક અ વૉર !'' મહાત્માઓનો સામાન ભીનો થતો બચાવવો, શોર્ટ-સર્કિટ થતાં બચાવવું, ઈલેક્ટ્રોનિક સામાન સાચવવો, લોકોને સલામત જગ્યાએ પહોંચાડવા, ગ્રાઉન્ડ ઉપરથી પાણી ઉલેચી ઉલેચીને કોરું કરવું, ફરીથી ડોમ ઊભા કરવા, જેને જે સૂઝ્યું એ કામ હાથમાં લઇ લીધું. વૉરમાં કેવું હોય કે તમે કહી ના શકો કે આ કામ કોણે કર્યું. બસ બધાનું એક જ લક્ષ કે કેવી રીતે બધું સચવાઈ જાય. જે બગડ્યું તેને સુધારવામાં સેવાર્થીઓએ દિવસ-રાત સેવા કરી.

**અને આ બધાનો સહકાર હતો, બધાની ઓનરશીપ હતી એટલે જ અનેક વિઘ્નો આવવા છતાંય જન્મજયંતી અને પ્રાણ-પ્રતિષ્ઠા બંને ઉજવી શક્યાં. આ જન્મજયંતી જેટલી વિચારી હતી, તેના કરતાં પણ વધુ ઉત્સાહ અને એડવેન્ચર સાથે ઉજવાઈ.**

- મુંબઈ સેવાર્થી

# ફિલ ઈન ધ બ્લેન્ક




મિ. શાહના ટેબલ પર રેઝિગ્નેશન લેટર મૂકતાં અવનીએ કહ્યું, ''સર !! આઈ એમ સોરી, હું હવે આ ટીમ સાથે વધારે કામ નહીં કરી શકું.''

મિ. શાહે અવની સામે જોયું. કાયમ હસતી અને એનર્જેટિક દેખાતી અવનીના મોઢા પર આજે એક અલગ પ્રકારની અકળામણ હતી. કાંઈ ન સમજાતા મિ. શાહે અવનીને ધીમેથી કહ્યું, ''પ્લીઝ સીટ.''

અવની સરની સામેની ચેર ખેંચીને બેસી ગઈ. રેઝિગ્નેશન લેટર પર એક નજર ફેરવી મિ. શાહે પૂછ્યું, ''આ શું અવની !! તે અચાનક કંપની છોડવાનું ડીસિઝન લઇ લીધું ? તને કોઈ પ્રોબ્લેમ હોય તો આપણે ડિસ્કસ કરી શકીએ છીએ.''

અવની બેચેન હતી. એને વધારે કંઈ સાંભળવું કે કહેવું નહતું. એ એટલું જ બોલી, ''બસ, સર ! હું આ એટમોસ્ટફીયરમાં સેટ નહીં થઈ શકું.''

''અવની,'' મિ. શાહ ખૂબ પ્રેમથી બોલ્યા, ''આજ સુધી કંપનીમાં તારું પરફોર્મન્સ બહુ સરસ રહ્યું છે. તું આ કંપની છોડીને જશે એમાં તારો લોસ નથી, કંપનીનો લોસ છે અને મને કાયમ એ ખેદ રહેશે કે હું મારા જુનિયર્સને સાચવી ના શક્યો.''

''સર, મને તમારા માટે કંઈ નથી પણ...'' કહેતા અવની અટકી ગઈ.

''પણ શું ?... ફીલ ફ્રી ટુ સ્પીક. વી વિલ ડેફિનેટલી કમ આઉટ વિથ સમ પોઝિટિવ સોલ્યુશન.'' મિ. શાહે એને કમ્ફર્ટેબલ ફીલ કરાવતા કહ્યું.

''સર, આ ટીમ જ અનફેર છે. શ્રુતિ મે'મે નવા પ્રોજેક્ટના લીડર આરવ અને ઈશાનને બનાવ્યા છે. હવે એ બંનેને કોઈ અનુભવ જ નથી. અત્યાર સુધી સૌથી વધારે કામ મેં અને રાધિકાએ જ કર્યું હતું. પણ શ્રુતિ મે'મ એ બેનો જ વ્યુ કન્સિડર કરે છે. અમારી તકલીફ રજૂ કરીએ તોય આંખ આડા કાન કરી દે છે. આ નવા પ્રોજેક્ટમાં પણ બધું મારા ને રાધિકાના માથે જ આવશે. આઈ ફીલ વેરી ફ્રસ્ટ્રેટેડ. આવી રીતે કાંઈ ટીમવર્ક થાય ? અમારી પાસે પણ એક્સપીરિયન્સ છે. ધેન હાઉ કેન શી ઈગ્નોર અસ ? જ્યાં અમારા કામની કદર નથી ત્યાં મારે કામ નથી કરવું, બસ !''

અવની રાજધાની એક્સપ્રેસથી પણ ફાસ્ટ સ્પીડમાં બોલતી હતી.

''ઓહ, તો આરવ અને ઇશાન કંઈ જ નથી કરતા ?'' મિ. શાહે ધીમેથી પૂછ્યું.

''એટલે એ લોકો ખાલી ફીલ્ડ ટ્રિપ કરે છે, બાકીના બધા કામો અમે જ કરીએ છીએ.''

મિ. શાહે કહ્યું, ''અવની, તને ખબર છે આ કંપનીમાં હું સીનિયર મેનેજરની પોસ્ટ સુધી કેવી રીતે પહોંચ્યો ? વુડ યુ લાઈક ટુ નો માઈ જર્ની ફ્રોમ એડમિન પર્સન ટુ સીનિયર મેનેજર ?''

કોઈ રીઝાઈન કરવાના દિવસે લાઈફ સ્ટોરી સંભાળવાના મુડમાં ના હોય. પણ મિ. શાહની વાતમાં ખબર નહીં કેમ પણ અવનીને રસ પડ્યો, ''સ્યોર સર !'' એણે ક્યુરિયોસિટીથી કહ્યું.

મિ. શાહ પોતાની ચેર પર રીલેક્સ થઈને બેઠા. ગ્લાસમાંથી પાણી પીધું અને એક ઊંડો શ્વાસ લીધો અને શરૂ કર્યું, ''અવની, હું જ્યારે મેનેજમેન્ટ ભણતો હતો ત્યારે અમારા સર ઓલવેઝ 'ફિલ ઈન ધ બ્લેન્ક્સ' એક્સરસાઈઝ કરાવતા. એક વાર કંટાળીને મેં સરને પૂછ્યું કે સર, ''આ તો સ્કૂલમાં બહુ ભણ્યા. મેનેજમેન્ટમાં પણ એ જ ? ઈઝ ધેર એની કનેક્શન બીટવીન મેનેજમેન્ટ એન્ડ ફિલ ઈન ધ બ્લેન્ક્સ ?''

સરે કહ્યું, ''યસ, આ ફિલ ઈન ધ બ્લેન્ક્સનો કોન્સેપ્ટ લાઈફના દરેક ફેઝમાં કામ લાગે એવો છે.''

ફિલ ઈન ધ બ્લેન્ક્સ એટલે ખાલી જગ્યા પૂરવી. લેટ્સ સે, એક ગણિતનો દાખલો કમ્પ્લીટ કરવા વન ટુ ટેન નંબર્સ જરૂરી છે. મારી પાસે ૧, ૨, ૩, ૪ નંબર્સ છે, તારી પાસે ૫, ૭, ૧૦ છે અને રાધિકા પાસે ૬, ૮, ૯ છે. તો શું કરવાનું ?

''હું અને રાધિકા તમારા નંબર્સમાં અમારા નંબર્સ ઉમેરી દઈએ એટલે થઈ ગયા દસ, સિમ્પલ.'' અવનીએ તરત જવાબ આપ્યો.

રાઈટ ! ફિલ ઇન ધ બ્લેન્ક એટલે નાનું-મોટું કે ઓછું-વધારે જોયા વગર, જ્યાં ખાલી દેખાય, અછત દેખાય, જરૂરિયાત દેખાય, ત્યાં ચુપચાપ જોઈન થઈ જવું અને સપોર્ટ આપવો. જ્યારે તમને આ કરતા આવડી જશે ત્યારે તમે કોઈ પણ કામ બહુ સારી રીતે મેનેજ કરી શકશો. બીકોઝ આવું કરતી વખતે તમને ક્યાંક લીડર બનવું પડશે, ક્યાંક ડબલ કામ કરવું પડશે તો ક્યાંક કામમાં બેક સીટ લેવી પડશે, ક્યાંક એકલા કામ પતાવવું પડશે તો ક્યાંક કામની વહેંચણી કરવી પડશે અને એમાંથી જે ફ્લેક્સિબિલિટી આવશે, એનાથી ફાસ્ટ પ્રોગ્રેસ થશે.''

મિ. શાહ થોડું અટક્યા. એમણે અવની સામે જોયું.

''ઈન્ટરેસ્ટિંગ... સમથિંગ ન્યુ સર,'' એ બોલી.

''અવની, મેં આટલા વર્ષો આ કંપનીમાં આ જ રીતે કામ કર્યું છે. મારા વ્યુઝ કન્સિડર થાય કે રીજેક્ટ થાય, મને પ્રમોશન મળે કે ના મળે, મારા એકલાના ભાગે ચાર જણનું કામ આવે કે મારુંય કામ કોઈ બીજાના ભાગે જતું રહે અને હું નવરો રહું, પણ પ્રોજેક્ટમાં જે બધા સાથે હોય એમને હું મારો ફુલ સપોર્ટ આપું અને ક્વોલિટીના કારણે હું આ કંપનીમાં 'બેસ્ટ ટીમ પ્લેયર' તરીકે ફેમસ થઈ ગયો. આજે આ જ ક્વોલિટીએ મને સીનિયર મેનેજરની પોસ્ટ પર બેસાડી દીધો છે. એકબીજાને પૂરક થઈને કામ કરવું એ ટીમવર્કની સફળતાનું સીક્રેટ છે.''

મિ. શાહે વાત પૂરી કરતા પાણી પીધું. અવનીના મોઢા પર મોટી સ્માઈલ હતી. એ તરત ઊભી થઈ અને જવા ફરી.

''ક્યાં જાય છે અવની ?'' મિ. શાહે પૂછ્યું.

**''મારા પ્રોજેક્ટની બ્લેન્ક્સ ફિલ કરવા સર.'' અને અવની હસતા હસતા કેબિનની બહાર નીકળી ગઈ.**



# બુદ્ધિને કામકાજના સોલ્યુશનમાં વાપરો, વ્યક્તિ માટે નહીં.



ચીફ એન્જિનિયર સાહેબ રાઉન્ડ પર આવે છે. મોંઘી સ્ટેઈનલેસ સ્ટીલની પ્લેટનું કટીંગ જુએ છે.

**ચીફ એન્જિનિયર (મનમાં) :** ઓહ, લાગે છે ખોટી પ્લેટ કપાઈ ગઈ. આની થિક્નેસ ૧૦ મી.મી.ને બદલે ૧૨ મી.મી.ની છે.

## બુદ્ધિ વ્યક્તિ માટે વાપરીએ ત્યારે..



**ચીફ એન્જિનિયર :** આ કોણે કર્યું ? ક્યાં છે ફ્લોર એન્જિનિયર ? બોલાવો એને !

(સાહેબનો અવાજ સાંભળીને આજુબાજુ બધા ભેગા થઈ ગયા.)

**ફ્લોર એન્જિનિયર :** સર ! મેં કટ કરી હતી આ પ્લેટ.

**ચીફ એન્જિનિયર :** તને ભાન નથી

## બુદ્ધિ કામકાજના સોલ્યુશન માટે વાપરીએ ત્યારે...



ચીફ એન્જિનિયર કશું જ બોલ્યા નહીં. આંટો મારીને જતા રહ્યા. પછી ફ્લોર એન્જિનિયરને શાંતિથી બોલાવ્યા.

**ચીફ એન્જિનિયર :** આનું ડ્રોઈંગ કાઢો તો. કઈ સાઈઝનું કરવાનું છે ?

(ફ્લોર એન્જિનિયર ડ્રોઈંગ બતાવતા)

**ફ્લોર એન્જિનિયર :** ૧૦ મી.મી.નું. ઓહ ! સોરી સર ! મારી ભૂલ થઈ ગઈ લાગે છે !

પડતું ? પાંચ લાખનું નુકસાન કરી નાખ્યું !

**ફ્લોર એન્જિનિયર :** સ...સ...સોરી સર !

**ચીફ એન્જિનિયર :** શું સોરી ? આખી પ્લેટ નકામી જશે. આ તમારા જેવા લોકો ધ્યાન નથી રાખતા એટલે જ... જતો રહે મારી સામેથી. કાલથી મોઢું ના બતાવતો.

**ફ્લોર એન્જિનિયર :** પણ સર ?

**ચીફ એન્જિનિયર :** આઈ સેઈડ ગેટ આઉટ !

(ફ્લોર એન્જિનિયર દુઃખી ચહેરે માથું નમાવીને નીકળી જાય છે.)

પાછળ લોકો ગણગણતા હોય.

''ભૂલ તો થાય. એમાં આટલા સારા એન્જિનિયરને કાઢી મૂકાય ?''

**ચીફ એન્જિનિયર :** હમમ... હવે શું કરી શકાય ?

**ફ્લોર એન્જિનિયર :** આ પ્લેટ તો નહીં ચાલે. આપણી પાસે નવી પ્લેટ પણ નથી. બટ... સર મારો એક ફ્રેન્ડ છે એની પાસે અરજન્ટલી પ્લેટ મળી શકશે. હમણાં મંગાવીને કામ પૂરું કરીએ, પછી આ પ્લેટનું કંઈક સેટિંગ કરીશું.

**ચીફ એન્જિનિયર :** મંગાવી લો, અને પેલું હોલ્ડ પર રાખો. હું જોઉં છું એનું શું કરી શકાય. (કહીને નીકળવા જાય)

**ફ્લોર એન્જિનિયર :** રીયલી સોરી સર, હવે કંપનીનું આટલું મોટું નુકસાન ફરી ક્યારેય નહીં થાય.

પાછળ લોકો ગણગણતા હોય છે.

''સાહેબના આવા સ્વભાવના કારણે જ અમે આખી જિંદગી માટે આ કંપનીને વફાદાર છીએ.''



**પૂજ્યશ્રી :** દાદાશ્રી કહે છે કે બુદ્ધિને કામના નિર્ણય માટે જ વાપરવી જોઈએ, બીજી રીતે કે બીજા માટે નહીં.

નીરુમાએ પણ કહ્યું છે કે બુદ્ધિને વ્યક્તિ માટે ના વાપરશો, કામકાજના સોલ્યુશન માટે જ વાપરજો.

'એડજસ્ટ એવરીવેર' પણ એ જ સમજાવે છે કે એકબીજાના પૂરક થઈને કામ કરો. અટક્યું ત્યાંથી વધારો, બગડ્યું ત્યાંથી સુધારો. બુદ્ધિને કામકાજના સોલ્યુશન માટે વાપરો અને જ્ઞાનથી બધાને નિર્દોષ જુઓ, શુદ્ધાત્મા જુઓ અને અકર્તા જુઓ.

જો આવી ગોઠવણી કરીને સેવાનો વ્યવહાર ગોઠવીશું, તો સેવામાં આપણી સિન્સીયારિટી રહી શકશે અને સેવાનું કામ પણ વધ્યા કરશે અને આપણા મોક્ષની પ્રગતિમાં પણ વાંધો નહીં આવે. એને બદલે 'હું જ કરું', 'પેલો ખોટું કરે છે', 'પેલો બરાબર નથી કરતો', 'પેલાને ખસેડો', આ બધું બુદ્ધિ વ્યક્તિઓ માટે વાપરી કહેવાય. ત્યાં સિન્સીયારિટી તૂટી જાય. આપણે જે હાર્ટિલી કરવા માંગતા હતા, એમાં આ ડખલ થઈ કહેવાય.

આ બુદ્ધિને આપણે ઓળખવી જોઈએ ને કહેવાનું કે ''એય બુદ્ધિ ! તું અહીં આટલું જ કામ કર.'' જેમ નોકર હોય, એની પાસે સાફસૂફ જેવા અમુક જ જાતના કામ કરાવવાના હોય. એવી જ રીતે આ બુદ્ધિને પણ ફક્ત કામકાજના સોલ્યુશન માટે જ વાપરવાની.

કામકાજનું સોલ્યુશન એટલે શું ? રસોડામાં દાળ બગડી તો ''કોણે બગાડી ?'', ''ધ્યાન કેમ ના રાખ્યું ?'' એ ચર્ચા કરવાને બદલે ''હવે શું કરી શકાય ?'' એ વિચારવાનું અને આગળનું કામ શરૂ કરી દેવાનું કે ''તપેલું જલ્દી ઉપાડો, જેટલી ઉપરની દાળ છે એ કાઢી નાખો, નીચેની દાઝી ગયેલી દાળ બાજુ માં મૂકો, બીજા તપેલામાં દાળ મૂકો, એમાં લવિંગ-એલચી બધું નાખો જેથી દાઝેલાનો ટેસ્ટ ના આવે અને એને વાપરી નાખો. બીજી નવી પચાસ-સો માણસો માટેની દાળ મૂકી દો.'' આને સોલ્યુશન લાવ્યું કહેવાય. ડહાપણવાળો માણસ આવું કરે અને જ્ઞાનની દ્રષ્ટિ તો આપણી પાસે છે જ કે વ્યવસ્થિતે બગાડ્યું છે.

> વસ્તુ માટે બુદ્ધિ વાપરવાની છે,
> વ્યક્તિ માટે બુદ્ધિ વાપરશો નહીં.
> વસ્તુની કિંમત કરતા
> વ્યક્તિની કિંમત ઘણી વધારે છે,
> માટે કોઈ વ્યક્તિને તોડી ના પાડશે,
> કામની મહત્વતા સામે.

# ગ્લોબલ ટીમવર્ક



**કોરોના પેન્ડેમિક, જેણે જોતજોતામાં આખી દુનિયાને અટકાવી દીધી હતી.**

ડિસેમ્બર ૨૦૧૯માં શરૂ થયેલી આ મહામારી માર્ચ ૨૦૨૦ સુધીમાં તો બધાય દેશોમાં ફેલાઈ ગઈ અને ૨૦૨૦નું વર્ષ ઈતિહાસનું એવું વર્ષ બની ગયું જેમાં જીવન જીવવાની રીત જ બદલાઈ ગઈ. નોકરી, ધંધા, સ્કૂલ, કૉલેજો, પાર્ટી, પિકનિક બધું જ બંધ ! ઘરની બહાર નીકળવાનું નહીં ને કોઈને મળવાનું નહીં. આવી પરિસ્થિતિમાં સૌથી મોટો પ્રશ્ન હતો આ રોગથી બચવું કઈ રીતે ? ફેમિલી મેમ્બર્સની સારવાર ક્યાં કરાવવી ? અને કેટલાક માટે એથીય મુશ્કેલ પ્રશ્ન હતો કે કમાવું કઈ રીતે ? ઘર કઈ રીતે ચલાવવું ? જીવન જરૂરિયાતની વસ્તુઓ લાવવી ક્યાંથી ને ખાવું શું ?

ત્યારે એ અટકી ગયેલા જીવનને આગળ વધારવા આખી દુનિયા એક થઈ ગઈ.

દેશ-વિદેશના રીસર્ચર દવાઓ અને રસીની શોધમાં લાગી ગયા. ડોક્ટર અને નર્સથી લઈને હોસ્પિટલોનો આખો મેડિકલ સ્ટાફ, પોતાની પરવા કર્યા વિના, દિવસ-રાત દર્દીઓની સેવામાં જોડાઈ ગયા. આ દાવાનળ જેવા રોગને ફેલાતો અટકાવવા દેશ-વિદેશની સરકારોએ લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા નિયમોની અપીલ કરી. હોસ્પિટલોમાં બેડથી લઈને ઓક્સિજન સપ્લાયમાં વધારો કર્યો. પોલીસ અને આર્મી લોકોને ચેતવવા પોતાના જીવના જોખમે રસ્તા ઉપર ઉતરી આવ્યા. ફાયર બ્રિગેડ અને સફાઈ કર્મચારીઓ સેનિટાઈઝેશનમાં લાગી ગયા. ગરીબ અને બેરોજગારને ફૂડ પેકેટ્સ અને કરિયાણું પહોંચાડવા કેટલાય લોકો અને સંસ્થાઓએ કમર કસી. લોકડાઉનમાં ય લોકોનો સ્પિરિટ અપ હતો.

**આ મહામારીના બિહામણા રૂપની બીજી બાજુએ માનવતા ફૂલીફાલી !**

ધીમે ધીમે કળ વળી. ઓનલાઈન એજ્યુકેશન ચાલુ થયું. ઘેર બેઠા કરિયાણું અને દવાઓ આપતી સેવાઓ શરૂ થઈ. ઘણી જગ્યાએ ટેલી મેડિસિનથી રોગોની સારવાર ચાલુ થઈ. વર્ક ફ્રોમ હોમ શરૂ થયું. અટકી ગયેલી દુનિયામાં ફરીથી જાણે વેગ આવ્યો. આ મહામારીના બિહામણા રૂપની બીજી બાજુએ માનવતા ફૂલીફાલી !

'અટક્યું ત્યાંથી વધારો' અને 'બગડ્યું ત્યાંથી સુધારો' ને સાકાર કરતું આ 'ગ્લોબલ ટીમવર્ક' જ કહેવાય ને !

# કુદરતમાં ટીમવર્ક

**કેટલાક પ્રાણીઓ જેઓ ક્યારેય સ્કૂલ કે કૉલેજમાં ભણવા નથી ગયા તોય આપણે એમની પાસેથી ટીમવર્ક શીખી શકીશું.**



## સી ઓટર્સ :

સી ઓટર્સ એ એવા દરિયાઈ પ્રાણીઓ છે જે મોટેભાગે ગ્રુપમાં જ જોવા મળે છે. તેઓ સૂતી વખતે પાણીમાં એકબીજાનો હાથ પકડીને ગ્રુપ બનાવે છે, જેને 'તરાપો' કહેવાય છે. આ 'તરાપો' ૨ કે ૨૦૦ થી વધુ ઓટર એકસાથે બનાવી શકે છે. જે તેમને કિનારાથી દૂર એકસાથે રહેવામાં મદદ કરે છે અને જેનાથી તેઓ પાણીમાં વહી જવાથી કે શિકારીઓના હાથમાં આવી જવાથી બચે છે.

## લંગુર વાંદરાઓ અને ચિત્તલ હરણ :



મધ્ય ભારતમાં, લંગુર વાંદરાઓ અને ચિત્તલ હરણ, એ એકબીજાને પૂરક થઈને જીવન વિતાવે છે. હરણ જમીન ઉપર ઝડપથી દોડી શકે, જ્યારે વાંદરાઓ ઝાડ ઉપર ચપળતાથી ચડી શકે. આ બંને પોતપોતાની કુશળતાથી એકબીજાને વાઘ અને અન્ય શિકારીથી બચાવવામાં મદદ કરે છે.

લંગુર વાંદરાઓ ચપળ અને તેજ નજરવાળા હોય છે. તેઓ ઉંચા ઝાડ ઉપર ચડીને જંગલ ઉપર નજર રાખે છે. ચિત્તલ હરણની ગંધ પારખવાની શક્તિ એકદમ તેજ હોય છે, એટલે તેઓ જમીન ઉપર શિકારીઓથી સાવચેત રહે છે. બેઉમાંથી કોઈને પણ શિકારી આસપાસ હોવાનો ભાસ થાય એટલે દોડીને કે અવાજ કરીને તરત બીજાને ચેતવણી આપે છે. એટલું જ નહીં, લંગુર વાંદરાઓ ઝાડ ઉપરથી ફળો તોડીને નીચે ફેંકે છે, જેથી હરણ પણ તેને ખાઈ શકે.



## Meercats. (Trust) - મીરકેટ્સ

મીરકેટ્સ નામના ખિસકોલી જેટલા નાના પ્રાણીઓ એકદમ સૂકા પ્રદેશમાં રહેવા છતાં સુંદર રીતે સર્વાઈવ કરે છે તેનું રહસ્ય છે, ટીમવર્ક. આ પ્રાણીઓ લગભગ 30 ના ટોળામાં રહે છે. તેમને જમીનમાંથી ખોદીને ખાવાનું શોધવાનું હોય છે. હવે જમીનમાં ખોદીને માથું નાખીને અંદર જાય તો બહાર કોઈપણ પ્રાણી કે સાપ તેમનો શિકાર કરી શકે. એનાથી બચવા જયારે મીરકેટ્સનું ટોળું ખાવાનું શોધે ત્યારે વારાફરતી એક-એક મેમ્બર ઊંચા પથ્થર કે ઝાડ ઉપરથી ચોકી કરે. એ દરમિયાન જુદાજુદા અવાજોથી એકબીજાને સંકેતો પહોંચાડતા રહે. એટલે કે એમનું કોમ્યુનિકેશન ચાલુ જ હોય. જ્યારે કોઈ ખતરો ટાળી ન શકાય ત્યારે બધા મીરકેટ્સ એકબીજાની સાથે મળીને મોટી રચના બનાવી દે અને એકસાથે તેનો સામનો કરે.

# કવિતા

એક દિવસ તો દુધ બોલ્યું મેં ચા કરી..
આગ બોલી મારા વગર જાય બધું ઠરી...

વાસણ બોલ્યા અમારા વગર ચાલે કેમ કરી ?
પછી બધા સમજી સાથે બોલ્યા અમે ચા કરી...

આમ આપણા એકલાથી ન થાય કોઈપણ કામ...
એકલા ચાલતા ચાલતા તો ન આવે ધાર્યા મુકામ...

સફળતા એ પચાવે જેને પોતાનો ભાગ ખબર છે...
અને એ સિવાયના સહુ સાથી સંજોગોની કદર છે...

નિમિત્ત બને કલ્યાણનું જેને કમિશન જોતા નથી...
જ્ઞાનીઓ જાણે માન, યશ, કિર્તી કાયમી હોતા નથી...

જ્ઞાનીઓ રાખે નહીં કોઈ માન મુગટ પોતાના માથે...
અપમાન પચાવી શ્રેય વહેંચી દે સહુમાં ખુલ્લા હાથે...

સહુ સાથે મળીને સહુના થકી જ બધા કામ થાય છે...
ચારે ચક્કરે ગાડી ચાલે, ન કહો મારાથી આમ થાય છે..

દાદાના યુવાનો દ્વારા

વર્ષ: ૯, અંક : ૧૧
સળંગ અંક : ૧૦૬
માર્ચ ૨૦૨૨

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

## જરૂરથી વાંચો




સપ્ટેમ્બર ૨૦૨૧

For Free download,
visit www.akramyouth.org

Scan Here

### અક્રમ યુથના સભ્યો માટે સૂચના

**૧.**આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) ‘સંપાદકીય’ પેજ પર આપેલ છે.

**૨.**જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**